[illegible] મા ફરરતાર
ચંદરયાનાં વાચન માટે
સાદર ૨૮—

FROM:- C.V.D AND R.C.D.

ગુર્જર ગિરાની ગરવી ઘટના !

પારિજાતનો પરિસંવાદ
ડૉ. કુમારપાળ દેસાઈ

માતૃભાષાની મીઠાશ, મહેંક અને મહોબ્બતને કારણે વર્ષોના વર્ષો સુધી અનેક અવરોધોનો સામનો કરીને વ્યક્તિ પોતાનું ધ્યેય સિદ્ધ કરે, ત્યારે તેને કેટલો આનંદ થતો હશે! ગુજરાતમાં છાશવારે 'ગુજરાતી માતૃભાષા મરણશૈયા પર સૂતી છે' એમ કહીને ખરખરો કરનારા બેશુમાર લોકો છે, પરંતુ એ માતૃભાષાની સાચી સેવા કરનાર રતિભાઈ ચંદરયા જેવા થોડાક વિરલાઓ જ છે. એમણે તૈયાર કરેલી ગુજરાતી ડિજીટલ ડિક્સનેરી એ ગુજરાતી ભાષાની એકવીસમી સદીના પ્રારંભે અદ્યતન ઇન્ફર્મેશન ટૅકનોલોજીના સથવારે થયેલ નવીન ક્રાંતિકારી શોધ છે.

આજની અને આવતીકાલની ગુજરાતી ભાષા શીખનારી પેઢીઓની જરૂરિયાત પૂરી કરે એવી અઢી લાખ શબ્દોના મહાસાગર સમો આ વિશાળ શબ્દકોશ છે. એમાં વીસ લાખથી પણ વધુ સંજ્ઞાઓ અને શબ્દો પ્રાપ્ત થાય છે. **ગુજરાતી શબ્દોની સઘળી સમૃદ્ધિ અદ્યતન** ટૅકનોલોજીના સહારે તૈયાર થયેલા આ ડિજીટલ શબ્દકોશમાંથી મળી રહે છે. એમાં ગુજરાતી શબ્દોની સાથોસાથ એના અંગ્રેજી અર્થો આપ્યા છે. કમ્પ્યુટરના કી-બોર્ડ પર આંગળી ફેરવતાં જ શબ્દ, શબ્દાર્થ, જોડણી, વિરુદ્ધાર્થ અને એનો અંગ્રેજી અર્થ પણ ગુજરાતીપ્રેમીને આમાંથી મળી રહે છે. ગુજરાતીમાંથી અંગ્રેજીના ૪૭,૯૩૬ શબ્દો, અંગ્રેજીમાંથી ગુજરાતીના ૩૨,૦૩૪ શબ્દો, ગુજરાતીમાંથી ગુજરાતીના ૧,૪૯,૭૦૯ શબ્દો આમાં મળે છે. આટલું ઓછું હોય તેમ ૧૫,૯૯૪ જેટલા ગુજરાતી ભાષાના રૂઢિપ્રયોગો અને ૫,૪૧૧ જેટલા વિરુદ્ધાર્થ શબ્દો, આમાં સમાવિષ્ટ છે. વેબસાઈટ ઉપર આ સામગ્રી મૂકવામાં આવેલી હોવાથી તે દુનિયાના ગમે તે ખૂણામાં વસતા ગુજરાતીને ઉપલબ્ધ થઈ રહી છે.

મજા તો એ છે કે આને માટે આધુનિક ટૅકનોલોજી અપનાવીને 'યુનિકોડ'નો ઉપયોગ થયો છે. ગુજરાતી ભાષામાં જુદા જુદા ફોન્ટ આવે છે, પરંતુ 'યુનિકોડ'ના ઉપયોગને કારણે આ બૃહદ્ શબ્દકોશ વાંચવાનું સરળ બની ગયું છે. આમાં રહેલી ક્ષતિ સુધારવા માટે બીજીવાર જોડણીકોશ પ્રગટ થાય ત્યાં સુધી વર્ષો સુધી રાહ જોવી નહીં પડે. જેમ ભૂલો મળે તેમ તે સુધારી શકાશે. વળી, ગુજરાતી શબ્દો લખવા માટે એવું સુંદર કી-બોર્ડ છે કે માઉસ દબાવીને આસાનીથી અને કશા પ્રકારની તાલીમ લીધા વિના પણ આ શબ્દકોશ મેળવી શકીએ છીએ..

ગુજરાતી ભાષાના વિશાળ શબ્દભંડોળનાં વિધવિધ રૂપાંતરોનો સાગર અહીં છલકાય છે, પણ એની સાથોસાથ એક મહત્ત્વનું કામ સ્પેલચૅકર સર્જવાનું છે. ગુજરાતી ભાષાની જોડણી ઘણાને મુશ્કેલ લાગે છે. ભાષા અને સાહિત્ય સાથે પનારો પાડનારને એની પરેશાનીનો અનુભવ ન હોય, પરંતુ સામાન્ય માનવી અતિ વ્યાકુળ હોય છે. ઘણીવાર જોડણીના નિયમો પણ સાચી જોડણી કરવામાં સહાયભૂત થતા નથી. આ પરિસ્થિતિમાં ભાષાપ્રેમી ઉદ્યોગપતિ શ્રી રતિભાઈ ચંદરયાએ સર્જેલું સ્પેલચેકર મુદ્રકોથી માંડીને સામાન્ય માનવી સુધી ગુજરાતી ભાષા સાથે કામ પાડનાર સહુને ઉપયોગમાં આવશે. ગુજરાતીને રાજભાષા તરીકે સરકારે અને માતૃભાષા તરીકે ગુજરાત યુનિવર્સિટીએ સ્વીકારી છે, ત્યારે આવી સંસ્થાઓને માટે આ પ્રકલ્પ ઘણો મહત્ત્વનો બનશે. આ ગુજરાતી ડિજીટલ ડિક્શનેરી તૈયાર કરવામાં અનેક સ્તોત્રોનો સહારો લેવામાં આવ્યો છે. જેમાં ગુજરાત વિદ્યાપીઠના પ્રકાશન ખિસ્સા જોડણીકોશ, વિનીત જોડણીકોશ અને સાર્થ ગુજરાતી જોડણીકોશ, શ્રી કે. કા. સંપાદિત બૃહદ્ ગુજરાતી કોશ, પાંડુરંગ ગણેશ દેશપાંડેની ગુજરાતી ટુ ઈંગ્લિશ અને ઈંગ્લિશ ટુ ગુજરાતી ડિક્શનેરીઓ, શ્રી નરહરિ ભટ્ટ સંપાદિત અંગ્રેજી- ગુજરાતી વિનયન શબ્દકોશ, પ્રબોધ પંડિતની ગુજરાતી ભાષાની ફોનેટિક ઍન્ડ મેફૅનિક ફ્રીકવન્સી ઓવ ગુજરાતી લેન્ગવેજ, શાંતિલાલ શાહનો વિરુદ્ધાર્થ શબ્દકોશ, ડૉ. ઈશ્વરભાઈ દવે રચિત 'થિસોરસ' વગેરેનો સમાવેશ થાય છે. ભારત અને ભારતની બહાર ખૂણે ખૂણે વસતા ગુજરાતીઓને શબ્દ, એનો અર્થ કે એની જોડણી માટે હવે ચિંતા સેવવી નહિ પડે.

ચોર્યાસી વર્ષના શ્રી રતિભાઈ ચંદરયા એ વિશ્વના અનેક દેશોમાં ઉદ્યોગો ધરાવનાર ઉદ્યોગપતિ છે. ક્યાંથી અને કઈ રીતે જાગ્યો હશે એમને માતૃભાષાનો પ્રેમ? સ્વજીવનમાં માતૃભાષા ગુજરાતીમાં ઝાઝું શિક્ષણ લેવાની તક મળી નહીં. જામનગરના હાલાર વિસ્તારમાંથી પૂર્વ આફ્રિકા ગયેલા સાહસિકોમાં એક ઉદ્યોગ સાહસિક તે શ્રી રતિભાઈ ચંદરયા. કેનિયાની પ્રાથમિક શાળામાં થોડુંઘણુ ગુજરાતી શીખવા મળ્યું, પરંતુ બીજું વિશ્વયુદ્ધ આવી પહોંચતાં ૧૯૪૦માં ભારત પાછા ફરવું પડ્યું અને છ વર્ષ સુધી ભારતમાં રહ્યા. દુનિયાના એક છેડેથી બીજા છેડા સુધી કેટલાય દેશોમાં ઉદ્યોગ પથરાયેલો હોય, ત્યારે તેના રાહબરના નસીબમાં પલાંઠી વાળીને કોઈ એક દેશમાં ઠરીઠામ થવાનું હોતું નથી. રતિભાઈ ભારત હતા ત્યારે એક જૂનું રેમિંગ્ટન ટાઇપરાઇટર લઇ આવ્યા અને તેના પર આવડે તેવું ગુજરાતી ટાઈપ કરવા લાગ્યા. ફરી સમય બદલાયો અને પાછા ઉદ્યોગ અર્થે કેનિયા ગયા. વળી ત્યાંથી સાહસિક ઉદ્યોગપતિની મજલ આગળ ચાલી અને લંડનમાં સ્થિર થયા.

બાળપણમાં જે માતૃભાષાએ ભાવનાઓના લાડ લડાવ્યાં હતાં, એ માતૃભાષાની ચાહના ફરી જાગી. યુવાની વીતી ગઈ. દુનિયા આખી સાથે અંગ્રેજીમાં વ્યવહાર કર્યો હતો, પણ હૃદયમાં માતૃભાષા ધબકારા લેતી હતી. ૬૦મા વર્ષે ફરી ગુજરાતી ટાઇપરાઇટર હાથમાં લઇને હાથ અજમાવવા લાગ્યા. બન્યું એવું કે ગુજરાતી ટાઈપ કરતાં આંગળા દુઃખવા લાગ્યા. એવામાં ઇલેક્ટ્રોનિક ટાઇપરાઇટર આવ્યા. એમણે વિચાર્યું કે ગુજરાતી ઇલેક્ટ્રોનિક ટાઇપરાઇટર મળે તો કેવું સારું. આને માટે સ્વીડન અને જર્મનીની મોટી મોટી કંપનીઓ સાથે પ્રયાસ કર્યા, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું.

માતૃભાષાની ચાહના એટલી કે પોતાની પ્રત્યેક નિષ્ફળતાને સફળતાના લક્ષની પ્રાપ્તિ માટેનું સોપાન માને તેથી હાર્યા-થાક્યા વિના માતૃભાષાના પ્રેમથી એ સતત પ્રયત્નો કરતા રહ્યા. એવામાં કમ્પ્યૂટર આવતાં એમની ભાવનાનો દીપ પ્રજ્વલી ઊઠ્યાં. એમણે ગુજરાતી ફોન્ટ બનાવે તેવી કંપનીની ખોજ આદરી. નિષ્ણાતો સાથે વાટાઘાટો કરી એપલ મૅકિન્ટોશ, ભારતની આઇ.બી.એમ. અને બીજી બે કમ્પ્યૂટર કંપનીઓનો સંપર્ક કર્યો, પણ ગુજરાતી ભાષાના ફોન્ટની બાબતમાં સફળતા ન મળી. એક ફ્રેન્ચ બહેને ગુજરાતી ફોન્ટ તો બનાવી આપ્યા, પરંતુ ખૂટતા જોડાક્ષરો મળ્યા નહીં. વળી પાછી એક નિષ્ફળતા

અનુસંધાન ૬ઠ્ઠા પાને

મનઝરૂખો

સાવ નાનકડા ગામના છેવાડે આવેલી ઝૂંપડીમાં રહેતી વૃદ્ધા પાસે સામાજિક કાર્યકર મિડલમૅન પહોંચ્યા અને એમણે એ વૃદ્ધાને એના દુઃખ-દર્દની દાસ્તાન પૂછી. વૃદ્ધાની ઝૂંપડીમાં બેસવા માટે નાની સરખી ખુરશી કે સ્ટુલ પણ ન હતા. જમીન પર એક સાદડી પાથરી હતી અને દેવદારના ખાલી ખોખા પર કાચના એક ફ્લાવર પોટમાં રંગબેરંગી પુષ્પો સુંદર રીતે ગોઠવ્યાં હતાં.

મિડલમૅનનું કામ એ હતું કે વિશ્વયુદ્ધના વિનાશનો આઘાત ખમી ચૂકેલા જર્મનોને નાની-મોટી સહાય પહોંચાડવી. મિડલમૅને જોયું તો આ વૃદ્ધાની ઝૂંપડીમાં ચાર બાળકો હતાં વૃદ્ધાએ આંખોમાં આંસુ સાથે યુદ્ધ સમયની પોતાની આપવીતી કહેતાં જણાવ્યું કે, 'આ યુદ્ધે અમને પર્વતના ઊંચા શિખર પરથી ઊંડી ખીણમાં ગબડાવી દીધા છે. એક સમયે અમારી પાસે છસ્સો એકરથી પણ વધારે જમીન હતી. મારા પતિ, પુત્રો અને પૌત્રો સાથે કિલ્લોલ કરતો પરિવાર વસતો હતો, પણ આજે...'

આટલું બોલતાં વૃદ્ધાની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. એણે ડૂસકાંભેર કહ્યું, "અમારી જમીન ચાલી ગઈ. મારા પતિ અને પુત્રો આ યુદ્ધના મહાકાળમાં હોમાઈ ગયા. હવે તો આ બે પૌત્રો અને બે પૌત્રીઓ એ જ મારા બુઢાપાનો સહારો છે."

સમાજસેવક મિડલમૅને વૃદ્ધાને ધૈર્ય આપતાં કહ્યું, 'માજી, તમારા પર શું વીતી છે એની હું કલ્પના કરી શકું છું. તમારા ગુમાવેલા સ્વજનો તો તમને પાછા અપાવી શકું તેમ નથી, પરંતુ થોડીક આર્થિક સહાય કરી શકું કે જેથી તમારું ગુજરાન ચાલે. તમને કપડાં અને મકાન અપાવી શકું અને બાર મહિના ચાલે એટલું અનાજ પણ આપી શકું.'

જર્મન વૃદ્ધાએ કહ્યું, 'ભાઈ, અમારે મદદની જરૂર નથી. અમારું દુઃખ તો સામાન્ય છે. અન્ય ઘણા વધુ દુઃખી જર્મનો છે. આ વિશ્વયુદ્ધમાં નોંધારા થયેલા કેટલાય લોકોને મદદની જરૂર છે. ભાઈ, એમને મદદ કરો.'

મિડલમૅનને આશ્ચર્ય થયું. એણે મદદ કરવા લંબાવેલો હાથ વૃદ્ધાએ પાછો વાળ્યો. એણે ફરી એ વૃદ્ધાને કહ્યું, "માજી, મારું કામ યુદ્ધગ્રસ્તોનાં દુઃખ-દર્દ ઓછાં કરવાનું છે. આપને બીજું કંઈ પણ જોઈતું હોય તો કહો."

વૃદ્ધાએ કહ્યું, "જુઓ ભાઈ, હું તો ઘણી સુખી છું. કારમી ઠંડી અને બળબળતા તાપથી બચાવનારું ઝૂંપડું મારી પાસે છે. મારા પૌત્રો નાની-મોટી નોકરી કરીને એટલું કમાય છે કે જેથી મારો ઘરખર્ચ નીકળે છે. અત્યારે મદદની જરૂર નથી. અમે તો ફરી પ્રગતિનાં ઊંચાં ચઢાણ ચડીને સિદ્ધિ મેળવવા પ્રયત્ન કરીએ છીએ. અને તેમાં અમને અખૂટ શ્રદ્ધા છે."

મિડલમૅન આશ્ચર્યચકિત થઈ ગયો અને એને સમજાયું કે જર્મન પ્રજાનું ખમીર કેવું છે. પેલી વૃદ્ધાએ મિડલમૅનનો હાથ હાથમાં લઈને ઉષ્માથી એ હાથને દાબતાં કહ્યું, "ભાઈ, તારી મમતાભરી લાગણી માટે ખૂબ ખૂબ આભાર. અમે પ્રગતિનાં સોપાનો ચડતાં જઈશું, ત્યારે તારી ઉદાર ભાવનાને સતત સ્મરણમાં રાખીશું."

પારિજાત

▸ ચોથા પાનાનું ચાલુ

અને વળી પાછી નવી આશા. રતિભાઈને જાણ થઈ કે ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર મધુ રાય પાસે ગુજરાતી ફોન્ટ છે અને તે પ્રાપ્ત થતાં રતિભાઈનું કામ સરળતાથી ચાલવા લાગ્યું.

એમાં વળી એક નવો વિચાર જાગ્યો. કમ્પ્યૂટર પર રતિભાઈ ગુજરાતી લખે તેમાં જોડણીની ભૂલ થતી. એમણે વિચાર્યું કે ગુજરાતી સ્પેલ-ચેકર હોય તો કેટલું સારું. આને માટે વિશ્વવિખ્યાત કંપનીઓ સાથે વાટાઘાટ કરી. સામયિકોમાં લેખો લખ્યા. હિન્દી ભાષામાં રસ લેતા અધ્યાપકોનો સંપર્ક સાધ્યો. અરેબિક ભાષા માટે એક ફ્રેન્ચ નિષ્ણાતે બનાવેલી સ્પેલચેકરની વાત સાંભળી ત્યાં પણ દોડ્યા. અમેરિકામાં એપલ મેકેન્ટોઝ સાથે મુલાકાત ગોઠવી પરંતુ ક્યાંય મેળ પડ્યો નહીં. એપલ મૅકિન્ટોશ કંપનીમાં કામ કરતા એક ગુજરાતી ભાઈએ સલાહ આપી કે તમારો સમય ફોગટ નહીં બગાડો. લૅંગ્વેજ અને સ્ક્રીપ્ટ વિભાગના નિષ્ણાત એવા એક અન્ય બહેનને સમજાવ્યું કે વિદેશમાં વસતા ગુજરાતીઓનાં સંતાનોને ગુજરાતી શીખવું સરળ બને તે માટે અમે આ જહેમત કરીએ છીએ. એમણે સલાહ આપી. થોડાં સોફ્ટવેર ખરીદ્યાં. પણ એમાં કોઈ સફળતા ન મળી. પોતાના વ્યવસાયને કારણે રતિભાઈ ટોરન્ટો, સિંગાપોર, નાઇરોબી અને મુંબઈ એમ ફરતા હતા, પણ બધે જ નિષ્ફળતા મળી. છેવટે એમણે પોતે આ કામ હાથ પર લીધું. જાતે સ્પેલચેકર બનાવ્યું. નવું મધર બોર્ડ વસાવ્યું અને મુંબઈમાં બે ભાઈઓને સાથે રાખીને કામ શરૂ કર્યું. અંતે સ્પેલચેકર તૈયાર થયું.

બે વર્ષ પહેલાં રતિભાઈએ બાયપાસ સર્જરી કરાવી. એક તબક્કે ચિંતિત પણ હતા કે આ કામ પૂર્ણ થશે કે નહિ? અંતે વીસ વર્ષની આકરી તપશ્ચર્યા બાદ ગુજરાતી ભાષાને વર્તમાન ટેક્નોલોજીના ઉપયોગ સાથે એક ગુજરાતી ભાષાપ્રેમીએ ડિજીટલ શબ્દકોશની અદ્ભુત ભેટ ધરી.